

## (A - 6)
## સ્વામી સીમંધરજિણંદ, શમરસ કુંભ

(રામચંદ્રને બાગ ચંપો મોરી રહ્યોરી—રાગ)

સ્વામી સીમંધરજિણંદ, શમરસ કુંભ ભર્યોરી;
તામેથી લવ એક, દીજે કાજ સરેરી. ૧

નવિ ચાહું ઘૃતપૂર, સાકરપાક ભલોરી;
ચિંતામણિ કામધેનુ, સુધારસ સાખિ ફળોરી. ૨

રાજ્ય રામા સ્વર્ગભોગ, તે સવિ છાર ગણુંરી;
ઈંદ્ર ચંદ્ર નાગેંદ્ર, દુ:ખિયા તેહ ભણુંરી. ૩

સુખિયા તે મુનિરાય, ઉપશમ સાર ભજેરી;
પર-પરિણત-પરિણામ, કારણ જેહ તજેરી. ૪

ઉપશમ રસ તવિ હોય, નિજ શુદ્ધ ધ્યાન ધરેરી;
મિથ્યાત વિષયનો ત્યાગ, જિનવચ અમીય સિંચેરી. ૫

ભક્તવત્સલ ભગવંત, સેવક દુ:ખ ટળેરી;
શ્રી જિનરાજ પ્રભુ પાય, સેવા સાચ ફળેરી. ૬